**નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણની કચેરી, આ.કૃ.યુ., આણંદના જાહેરનામા ક્રમાંકઃ આકૃયુ/વિક/દાતા દાન રકમ/૧૫૮૯–૧૬૧૪/ ૨૦૧૫, તા.૩–૧૧–૨૦૧૫ પહેલાંના જે ગોલ્ડ મેડલો અને ગોલ્ડ પ્લેટેડ સીલ્વર મેડલોની રકમ જાહેરનામા મુજબ ન હોય તે ગોલ્ડ મેડલો અને ગોલ્ડ પ્લેટેડ સીલ્વર મેડલોને ગોલ્ડ પ્લેટેડ સીલ્વર મેડલ/રોકડ ઈનામમાં તબદીલ કરવા બાબત.**

આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ

**વંચાણે લીધોઃ** તા.૧૭–૧૨–૨૦૧૬ ના રોજ આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૪૪મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં.૪૪.૮.

## –: જા હે ર ના મું :–

આથી સંબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, તા.૧૭–૧૨–૨૦૧૬ ના રોજ આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૪૪મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં.૪૪.૮ થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાપરિષદની ૪૩મી બેઠકના મુદ્દા નં.૪૩.૧૦ની ભલામણ મુજબ દરેક વિદ્યાશાખામાં તથા પોલીટેકનીકમાં આપવામાં આવતા જુદા જુદા મેડલો હાલની તકે ઉપલબ્ધ ફીકસ ડીપોઝીટની રકમના વ્યાજમાંથી બનાવવામાં આવી રહેલ છે. પરંતુ આ વ્યાજની રકમ સદરહું મેડલો બનાવવા માટે અપુરતી હોવાથી ખુટતી રકમ પુરી પાડવા માટે સંશોધન નિયામકશ્રી હસ્તકના અધર એજન્સીઓના જુદા જુદા પ્રોજેકટના ઈન્સ્ટીટયુશનલ ચાર્જના બજેટ સદર ૯૫૧૨ માંથી રૂા.૧૦.૦૦ લાખ **"AAU Donation Fund Account"** માં ફીકસ ડીપોઝીટ તરીકે જમા કરાવવા અને તેના વ્યાજમાંથી ઉભી થતી રકમનો ઉપયોગ આ મેડલો બનાવવા માટે ખૂટતી રકમ પૂરી પાડવા માટે કરવાનો રહેશે. આ રકમનો ઉપયોગ કરતા વ્યાજની જે રકમ વધશે તેને દર વર્ષે ફીકસ ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે."

જા.નં.આકૃયુ/વિક/દાતાશ્રી ચંદ્રક/૨૧૯૮–૨૨/૨૦૧૬
તા.૨૮–૧૨–૨૦૧૬

**(એસ.એચ.અકબરી)**
**નિયામક**
**વિદ્યાર્થી કલ્યાણ**

**નકલ સવિનય રવાના :–**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ
૨. નિયામક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
૩. વિદ્યાપરિષદના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
૪. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
૫. તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ રવાના :**

૧. કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ
૨. એકેડેમીક / બોર્ડ શાખા તરફ (કુલસચિવશ્રી, આકૃયુ, આણંદ) (વધારાની ૧૦ નકલો)
૩. પરીક્ષા શાખા (કુલસચિવશ્રી, આકૃયુ, આણંદ) તરફ (૫ નકલો)
૪. સિલેકટ ફાઈલ / જાહેરનામા ફાઈલ

– – – – – – –